## Question-1

પ્રશ્ન–1 દરેક પ્રશ્નના જવાબ માટે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી ક્રમ પ્રશ્નની સામે ▭ માં લખો.

1. 9/2 ને દશાંશ સંખ્યામાં કેમ લખાય ?
   (a) 9.5 (b) 2.5 (c) 4.5 (d) 5.4
2. 0.1+0.2+0.3 નો સરવાળો કેટલો થાય ?
   (a) 0.123 (b) 0.6 (c) 123.0 (d) 0.23
3. 6.07 કિગ્રા એટલે કેટલા ગ્રામ થાય ?
   (a) 607 (b) 6070 (c) 67 (d) 60700
4. સતર પૂર્ણાક બત્રીસ સહસ્ત્રાંશને અંકમાં લખો.
   (a) 0.032 (b) 17.0032 (c) 17.032 (d) 17.32
5. 6 સેમીને દશાંશ અપૂર્ણાંક સ્વરૂપે કેમ લખાય ?
   (a) 0.6 (b) 0.06 (c) 0.006 (d) 6
6. સ્તંભ આલેખમાં સ્તંભનો આકાર કેવો હોય છે ?
   (a) ત્રિકોણ (b) ચોરસ (c) લંબચોરસ (d) ગોળ
7. કયા અક્ષ પર સંખ્યાત્મક માહિતી દર્શાવાય છે ?
   (a) y–અક્ષ (b) x–અક્ષ (c) ઉદ્‌ગમબિંદુ (d) એકપણ નહી
8. કયા અક્ષ પર ગુણાત્મક માહિતી દર્શાવાય છે ?
   (a) y–અક્ષ (b) x–અક્ષ (c) ઉદ્‌ગમબિંદુ (d) એકપણ નહી
9. x-અક્ષ અને y–અક્ષ ના છેદબિંદુને શું કહેવામાં આવે છે?
   (a) પ્રસ્થાનબિંદુ (b) મધ્યબિંદુ (c) ઉદ્‌ગમબિંદુ (d) કેન્દ્ર
10. કયા અક્ષ પર પ્રમાણમાપ લેવુ પડે છે ?
   (a) x–અક્ષ (b) y–અક્ષ (c) ઉદ્‌ગમબિંદુ (d) xy અક્ષ
11. કયા અક્ષ પર લંબચોરસ સ્તંભ દર્શાવાય છે ?
   (a) x–અક્ષ (b) y–અક્ષ (c) ઉદ્‌ગમબિંદુ (d) xy અક્ષ
12. x-અક્ષ અને y–અક્ષ પર પરસ્પર કયાં છેદે છે ?
   (a) લઘુકોણ (b) ગુરુકોણ (c) સમાંતર (d) કાટખૂણે
13. લંબચોરસની પરિમિતિ શોધવાનું સૂત્ર શું છે ?
   (a) 4 × લંબાઈ (b) 4 + લંબાઈ (c) 2 (લંબાઈ + પહોળાઈ) (d) એકપણ નહી
14. એક ચોરસની પરિમિતિ 64 સેમી છે, તો ચોરસની બાજુની લંબાઈ કેટલા સેમી થાય ?
   (a) 8 (b) 6 (c) 16 (d) 32
15. એક ચોરસની બાજુની લંબાઈ 10 સેમી છે તો તેનું ક્ષેત્રફળ કેટલું થાય ?
   (a) 20 (b) 100 (c) 40 (d) 80
16. એક ચોરસઆકૃતિએ રોકેલી જગ્યાને શું કહેવાય ?
   (a) પરિમિતિ (b) લંબચોરસ (c) ક્ષેત્રફળ (d) એક પણ નહી
17. 12 સેમી લંબાઈ ધરાવતા સમબાજુ ત્રિકોણની પરિમિતિ કેટલી થાય ?
   (a) 36 સેમી (b) 36 ચો.સેમી (c) 36 મીટર (d) 24 સેમી
18. એક નિયમિત ષટ્‌કોણની એકબાજુ લંબાઈ 8 સેમી છે તો તેની પરિમિતિ કેટલી થાય ?
   (a) 48 સેમી (b) 48 ચો.સેમી (c) 56 મીટર (d) 56 સેમી

19. સંખ્યાઓ વિશે ચોકકસ જવાબ ન આપી શકાય તેવી સંખ્યાઓને કેવી સંખ્યા કહેવાય
(a) જ્ઞાત સંખ્યા (b) અજ્ઞાત સંખ્યા (c) ધન પૂર્ણાંક (d) ઋણ પૂર્ણાંક
20. સમતા દર્શાવતા ગાણિતિક વિધાન ને સાંકેતિક સ્વરૂપમાં શું કહેવાય ?
(a) ઉકેલ (b) વિધાન (c) સમીકરણ (d) સમતા
21. y ના 5 ગણામાં 3 ઉમેરતા તેનું સાંકેતિક સ્વરૂપ શું થાય ?
(a) 5y+3 (b) y+8 (c) y+5=3 (d) 3y=5
22. a નો ત્રીજોભાગ 15 છે, તેનું સાંકેતિક સ્વરૂપ શું થાય ?
(a) 34=15 (b) a+3=15 (c) a-3=15 (d) a/3=15
23. સમીકરણ 9a-45=0 છે, તો ચલ a ની કિંમત શું મળશે ?
(a) 5 (b) 4 (c) 0 (d) 9
24. 2x-1=9 તો x ની કિંમત શું હોય ?
(a) 5 (b) 4 (c) 2 (d) 3
25. કોઈ એક સંખ્યામાં 13 ઉમેરતા તેનું ગાણિતિક સૂત્ર શું મળે ?
(a) x-13 (b) 13x © x+13 (d) એક પણ નહી
26. એક સંખ્યાની બીજી સંખ્યા સાથે ગણા કે ભાગની સરખામણી ને શું કહેવાય ?
(a) ગુણોતર (b) પ્રમાણ (c) સમપ્રમાણ (d) એક પણ નહી
27. ચાર સંખ્યાઓનો ગૂણોતર સમાન હોય તો તે ચારેય સંખ્યાઓ કેવી કહેવાય ?
(a) ગુણોતર (b) અપૂર્ણાંક (c) પ્રમાણમાં (d) એક પણ નહી
28. 52 પૈસા અને 65 પૌસાનો ગૂણોતર નીચે પૈકી કયો મળે ?
(a) 2:5 (b) 5:6 (c) 5:4 (d) 4:5
29. એક સમબાજુ ત્રિકોણ છે, તેમાં કેટલી સંમિતિની રેખામળે ?
(a) 3:2 (b) 1:2 (c) 2:1 (d) 3:4
30. 8 રૂપિયા ૪૦૦ પૈસાનો ગુણોતર કેટલો મળે ?
(a) 0 (b) 1 (c) 2 (d)3
31. વિષમબાજુ ત્રિકોણમાં કેટલી સંમિતિની રેખા મળે ?
(a) 0 (b) 1 (c) 2 (d)3
32. વર્તુળમાં સંમિતિની રેખાઓ કેટલી મળે ?
(a) 1 (b) 4 (c) અસંખ્ય (d) 10
33. સમદ્વિબાજુ ત્રિકોણમાં કેટલી સંમિતિની રેખાઓ મળે ?
(a) એક (b) બે (c) ત્રણ (d) ચાર
34. નીચે પૈકી કયા અક્ષરનું પ્રતિબિંબ મૂળ અક્ષર જેવું જ દેખાય છે ?
(a) B (b) A (c) S (d) c
35. ચોરસમાં સંમિતિની રેખાઓ કેટલી હોય છે ?
(a) 4 (b) 3 (c) 2 (d) 1
36. કોઈપણ વસ્તુને બે સમાન ભાગમાં વિભાજિત કરે તે રેખાને શું કહેવાય ?
(a) સંમિતિની રેખા (b) લંબરેખા (c) સમાંતર રેખા (d) એકપણ નહી
37. $\overline{AB}$ અને $\overline{CD}$ પરસ્પર લંબરેખાઓ છે તેને સંકેતમાં કેમ લખાય ?
(a) $\overline{AB}=\overline{CD}$ (b) $\overline{AB}\perp\overline{CD}$ (c) $\overline{AB}\times\overline{CD}$ (d) એકપણ નહી
38. બાવીસ પૂર્ણાંક સાત દશાંશને અપૂર્ણાંક સ્વરૂપે લખો.
(a) 22.7 (b) $22\frac{7}{10}$ (c) 7.22 (d) 22
39. સીધી પટ્ટી અને પરિકરની મદદથી કયો ખૂણો રચી શકાય ?
(a) 60° (b)50° (c) 25° (d) 40°
40. એક વર્ગમાં 20 છોકરીઓ અને 30 છોકરાઓ છે, તો છોકરાઓ અને છોકરીનો ગુણોતર શો થાય ?
(a) 2:3 (b) 3:2 (c) 2:5 (d) 3:5
41. a-5=5 હોય તો a બરાબર કેટલા થાય ?
(a) 10 (b) 0 (c) 5 (d) -10
42. નિયમિત પંચકોણની પરિમિતિ 100 સેમી છે, તો તેની દરેક બાજુની લંબાઈ કેટલા સેમી હોય ?

(a) 50 (b) 25 (c) 10 (d) 20

43. ખૂણાના માપન કરવા અનેદોરવા કયા સાધનનો ઉપયોગ થાય છે ?
(a) માપપટ્ટી (b) દ્વિભાજક (c) કોણમાપક (d) એકપણ નહી

44. ચોકકસ માપનો રેખાંખડ દોરવા કયા સાધનનો ઉપયોગ કરશો ?
(a) કોણમાપક (b) માપપટ્ટી (c) કંપાસ બોક્ષ (d) આપેલ તમામ

45. કાટખૂણાનું માપ હંમેશા કેટલા અંશ હોય છે ?
(a) 45° (b)180° (c) 90° (d) 360°

46. કેન્દ્રબિંદુ નિશ્ચિત કરી ૩.૭ સેમી ત્રિજયાવાળો વર્તુળ દોરવા કયા સાધનનો ઉપયોગ થાય.
(a) દ્વિભાજક (b) કોણમાપક (c) પરિકર (d) કાટખૂણિય

47. કરન સવારે 1 કિમી 45 મીટર તથા સાંજે 2 કિમી 300 મી ચાલે છે , તો કુલ કેટલા કિમી ચાલ્યો ગણાય ?
(a) 3.345 (b) 3.045 (c) 3.75 (d) 2.345

48. 7 મીટર લંબાઈ ધરાવતા ચોરસ ટેબલની પરિમિતિ કેટલી થાય ?
(a) 28 ચો.મી. (b) 28 ચો.સેમી (c) 28 સેમી (d) 28 મીટર

49. કોઈ એક સંખ્યામાં 12 ઉમેરતા તેનું ગાણિતિક સૂત્ર શું મળે ?
(a) x-12 (b) 12x (c) x+12 (d) એક પણ નહી

50. x ના 6 ગણામાં 7 ઉમેરતાં તેનું સાંકેતિક સ્વરૂપમાં શું થાય ?
(a) 6x+7 (b) x-13 (c) x+6=7 (d) એકપણ નહી

51. x-7=10 હોય તો ચલ x ની કિંમત શું થાય ?
(a) (-3) (b) 17 (c) 3 (d) (-17)

52. નીચે પૈકી કઈ સંખ્યા ચલના સ્થાને મૂકતાં સમીકરણ 7x-8=27 સંતુલિત થાય ?
(a) 81 (b) 27 (c) 0 (d) 5

53. એક ડઝન બુકની કિંમત 108 હોય તો 9 બુકની કિંમત કેટલી થાય ?
(a) 81 (b) 27 (c) 36 (d) 54

54. ૩ ચોપડીની કિંમત 51 રૂપિયા છે, તો 9 ચોપડીનીં કિંમત કેટલી થાય ?
(a) 513 (b) 315 (c) 135 (d) 153

55. નીચેનામાંથી કયા આકારમાં સંમિતિની રેખા મળે ?
(a) ગ્લાસ (b) બ્લેકબોર્ડ (c) ટેબલ (d) આપેલ તમામ

56. સમબાજુ ચતુષ્કોણમાં કેટલી સંમિતિ ની રેખાઓ મળે ?
(a) એક (b) બે (c) ત્રણ (d) ચાર

57. એક નિયમિત અષ્ટકોણની પરિમિતિ ૩૨ સેમી છે તો એક બાજુનીલંબાઈ કેટલા સેમી હોય ?
(a) 16 (b) 4 (c) 8 (d) 12

58. $\frac{2x-1}{3}=13$ એ શું છે ?
(a) વિધાન (b) સમીકરણ (c) વાકય (d) એકપણ નહી

59. 5.678 માં 8 ની સ્થાન કિંમત શું છે ?
(a) $\frac{8}{1000}$ (b) $\frac{8}{100}$ (c) $\frac{8}{10}$ (d) 80

60. 9 ગ્રામ એટલે કેટલા કિ.ગ્રા. થાય ?
(a) 0.9 (b) 0.09 (c) 0.009 (d) એકપણ નહી

(B) પ્રત્યેક વિધાન સાચું બને તે રીતે ખાલી જગ્યા પુરો.

1. 5 દશાંશ ને દશાંશ અપૂર્ણાંક સ્વરૂપે ............ લખાય. (0.05,0.5,5)
2. દશાંશ અપૂર્ણાંકમાં પૂર્ણાંક ન હોય ,ત્યારે પૂર્ણાંકને સ્થાને ............ લખાય (1,10,0)
3. 99 મીટર એટલે ............ કિલોમીટર (0.99,99,0.099)
4. એક નિયમિત ષટકોણની પરિમિતિ 48 સેમી છે તો તેની બાજુની લંબાઈ = .............. સેમી (8,12,6)
5. એક સમબાજુ ત્રિકોણની પરિમિતિ ૩૦ સેમી છે, તો તેની બાજુની લંબાઈ ............ સેમી હોય (10,15,6)
6. એક પેટીમાં 12 કેરી હોય , તો x પેટીમાં કેરીની સંખ્યા = ............... (x+12,12x,x-12)
7. .............. નું પ્રતિબિંબ મૂળ અક્ષર જેવું જ દેખાતું નથી (O,M,N)
8. 1 સેમી લંબાઈ માટે નકકી કરવામાં આવતા માહિતીના માપને .............. કહે છે. (પ્રમાણમાપ,સ્તંભ,લંબચોરસ)
9. 20 સેમી લંબાઈ ધરાવતા ચોરસની પરિમિતિ ............ સેમી થાય (40,80,100)
10. સમબાજુ ત્રિકોણની પરિમિતિ શોધવાનું સૂત્ર ............ છે. (4× લંબાઈ, ૩×લંબાઈ,6×લંબાઈ)
11. બંધ આકૃતિની સપાટીના માપને .......... કહેવાય. (ક્ષેત્રફળ,પરિમિતિ,ગુણોતર)

12. y+9=9 હોય તો ચલ yની કિંમત ........... મળે. (1,0,12)
13. નિયમિત ષટ્કોણની પરિમિતિ શોધવાનું સૂત્ર ................ છે. (6l,5l,4l)
14. 20 અને 50 નો ગુણોતર .............. મળે. (5:3,3:5,2:5)
15. વ્યાસનું માપ .............. કરતા બમણું હોય છે. (વ્યાસ,જીવા,ત્રિજયા)
16. ............ મૂળાક્ષરનું પ્રતિબિંબ તેના જેવું જ દેખાય છે. (O,P,S)
17. સમબાજુ ત્રિકોણમાં ............. સંમિતિની રેખા મળે. (2,3,4)
18. એક ખૂણાનું માપ 30° છે, એ ............... પ્રકારનો ખૂણો છે. (લઘુકોણ,ગુરુકોણ,કાટકોણ)
19. ત્રિજયાનું માપ .............. કરતાં અડધું હોય છે. (વ્યાસ,જીવા,ત્રિજયા)
20.19.1-14.54 = ................ (5.46,4.56,6.45)

(C) નીચેના વિધાનો સામે √ ખરાં કે × ખોટાંની નિશાની કરો.
1. એક દશાંશ એટલે 1 નો દશમો ભાગ.
2. 0.005 અને 0.1 બંનેમાં 0.1 મોટી સંખ્યા છે.
3. 5 સહસ્ત્રાંશ ને દશાંશ અપૂર્ણાંક સ્વરૂપે 0.05 લખાય.
4. આલેખને યોગ્ય શીર્ષક આપવામાં આવે છે.
5. ગુણોતર માટે બંને માપના એકમો સમાન હોવા જોઈએ.
6. આપેલ ખૂણાનું માપ કરવા માટે કાટખૂણિયાનો ઉપયોગ થાય છે.
7. બંધ આકૃતિની ફરતી બાજુનું માપ એટલે ક્ષેત્રફળ.
8. સમીકરણના ઉકેલએ સમીકરણનું બીજ પણ કહેવાય છે.
9. 7:8 અને 8:7 સમાન ગૂણોતર છે.
10. 3x-5=4 સમીકરણમાં ચલ x છે.
11. સરખા ક્ષેત્રફળવાળા બે ચોરસ ની લંબાઈ અને પહોળાઈ સરખી હોય છે.
12. સરખા ક્ષેત્રફળવાળા બે ચોરસની બાજુની લંબાઈ સરખી હોય છે.
13. 70 પૈસા = રૂ. 0.700 થાય.
14. 15 અને 18 નો ગુણોતર 6:5 મળે.
15. વર્તુળાકાર આકૃતિમાં એક કરતાં વધારે સંમિતિની રેખા મળે જ.

...અથવા...

(C)માત્ર એક જ શબ્દ માં જવાબ આપો.
1. 0.001 દશાંશ અપૂર્ણાંકને કેમ વંચાય ?
2. સ્તંભ વડે માહિતી દર્શાવતા આલેખનો પ્રકાર કયો છે?
3. ચોરસની પરિમિતિ મેળવવા માટેનું સુત્ર શું છે?
4. આલેખ પત્ર પર આપણે દોરોલી આડીરેખાને શું કહેવાય છે ?
5. ત્રિજયા કરતા કોનું માપ બમણું હોય છે ?
6. લંબચોરસ રેખાઓ અને સમાંતર રેખાઓ દોરવા કયા સાધનનો ઉપયોગ થાય છે ?
7. જેમા એકપણ સંમિતિની રેખા ન મળે તેવા ત્રિકોણનો પ્રકાર જણાવો.
8. વર્તુળમાં કેટલી સંમિતિની રેખાઓ મળે ?
9. 6 સેમી પહોળાઈ વાળાઅને 11 સેમી લંબાઈ ધરાવતા લંબચોરસનું ક્ષેત્રફળ કેટલું થાય ?
10. કોઈ પણ વસ્તુના બરાબર બે સમાન ભાગ કરતી રેખાને શું કહેવાય ?
11. સમતા દર્શાવતા ગાણિતિક વિધાનના સાંકેતિક સ્વરૂપને શું કહેવાય ?
12. ચોરસ આકૃતિઓ રોકેલી જગ્યાને શું કહેવાય ?
13. x+5=20 હોય તો ચલ x ની કિંમત કેટલી મળે ?
14. 36 અને 45 નો ગુણોતર શું મળે ?
15. ચોકકસ માપનું વર્તુળ દોરવા વપરાતું સાધન કયું છે ?

(D) વિભાગ (A) ની માહિતી વિભાગ (B) સાથે સાચી રીતે જોડો.

| (A) | (B) |
|---|---|
| 1. 5/10 | a. 0.05 |
| 2. 5/100 | b. 0.5 |
| 3. 5/1000 | c. 0.0005 |
| 4. 5/10000 | d. 0.005 |

| (A) | (B) |
|---|---|
| 1. $3\frac{9}{10}$ | a. પંદર પૂર્ણાંક છ દશાંશ |
| 2. 0.8 | b. ત્રણ પૂર્ણાંક નવ દશાંશ |
| 3. 15.6 | c. પાંચ શતાંશ |
| 4. 0.05 | d. આઠ દશાંશ |

| (A) | (B) |
|---|---|
| 1. 2x+5=3 | a. x=3 |
| 2. 2x-5 = 1 | b. x=6 |
| 3. $\frac{2x}{3}=4$ | c. x=-2 |
| 4. 5-2x = 9 | d. x=-1 |

| (A) | (B) |
|---|---|
| 1. લંબચોરસ | a. અસંખ્ય સંમિતિ |
| 2. સમબાજુ ત્રિકોણ | b. બે સંમિતિ |
| 3. વર્તુળ | c. ચાર સંમિતિ |
| 4. ચોરસ | d. ત્રણ સંમિતિ |

| (A) | (B) |
|---|---|
| 1. Z ના 4 ગણા 25 છે | a. x-9 |
| 2. x માં 7 ઉમેરતા 7 મળે | b. 4z = 25 |
| 3. x માંથી 9 બાદ કરતાં | c. a/2 = 12 |
| 4. a નો બીજો ભાગ 12 છે | d. x+7 = 7 |

## Question-2

♦ સૂચના પ્રમાણે દાખલા ગણો . (ગમે તે નવ)

1. નીચેના સરવાળા કરો.

1. 0.27 + 0.36 2. 1.54 + 1.80 3. 2.66 + 1.85 4. 35.75 + 32.60
5. 0.38 + 2.05 6. 25.560 + 6.789 7. 56.67 + 34.28 8. 37.75 + 32.60

2. નીચેની બાદબાકી કરો.

1. 8.40 - 5.36 2. 20.75 - 18.25 3. 21.05 - 15.27 4. 9.756 - 6.280
5. 36.45 - 23.90 6. 12.235 - 11.440 7. 18.5 - 6.79 8. 7.450 - 2.630

3. નીચેની આવૃતિ કોષ્ટક તૈયાર કરો.

1. ગણિતની એક કસોટીમાં 40 વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણ નીચે પ્રમાણે છે તેના આધારે આવૃતિ કોષ્ટક તૈયાર કરો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 1 | 3 | 7 | 6 | 5 | 5 | 4 | 4 | 2 |
| 4 | 9 | 5 | 3 | 7 | 1 | 6 | 5 | 2 | 7 |
| 7 | 3 | 8 | 4 | 2 | 8 | 9 | 5 | 8 | 6 |
| 1 | 4 | 5 | 6 | 9 | 6 | 4 | 4 | 6 | 6 |

2. કેથરીન 40 વખત પાસો ફેકેં છે. દરેક વખતે તેના પર દેખાતો અંક નોંધે તેના આધારે આવૃતિ કોષ્ટક તૈયાર કરો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 3 | 5 | 6 | 6 | 3 | 5 | 4 | 1 | 6 |
| 2 | 5 | 3 | 4 | 6 | 1 | 5 | 5 | 6 | 1 |
| 1 | 2 | 2 | 3 | 5 | 2 | 4 | 5 | 5 | 6 |
| 5 | 1 | 6 | 2 | 3 | 5 | 2 | 4 | 1 | 5 |

3. શ્રેણી–6 ના 30 વિદ્યાર્થીઓની મીઠાઈની પસંદગી નીચે મુજબ છે. તેના આધારે આવૃતિ કોષ્ટક તૈયાર કરો.

લાડુ, બરફી , લાડુ, જલેબી, લાડુ, રસગુલ્લા, જલેબી, લાડુ
બરફી, રસગુલ્લા, લાડુ, જલેબી, જલેબી, રસગુલ્લા, લાડ
રસગુલ્લા, જલેબી, લાડુ, રસગુલ્લા, લાડુ, લાડુ, બરફી, રસગુલ્લા
રસગુલ્લા, જલેબી, રસગુલ્લા, લાડુ, રસગુલ્લા, જલેબી, લાડુ


4. પરિમિતિ શોધો.
1. 25 સેમી ચોરસ કાપડના ટુકડાની પરિમિતિ શોધો.
2. 9 સેમી લંબાઈની બાજુવાળા સમબાજુ ત્રિકોણની પરિમિતિ શોધો.
3. 3 સેમી , 4 સેમી, 5 સેમી લંબાઈની બાજુવાળા ત્રિકોણની પરિમિતિ શોધો.
4. 80 સેમી લંબાઈ અને 60 સેમી પહોળાઈવાળા ટેબલની પરિમિતિ શોધો.
5. સમાન બાજુ ધરાવતા પંચકોણની એકબાજુનું માપ 8 સેમી તો તેની પરિમિતિ કેટલી થાય ?
6. 8 મી લંબાઈ ધરાવતા ચોરસની પરિમિતિ કેટલી થાય ?

5. ક્ષેત્રફળ શોધો.
1. એક ચોરસ ની બાજુની લંબાઈ 15 સેમી છે, તો તેનું ક્ષેત્રફળ શોધો.
2. એક લંબચોરસની લંબાઈ 12 સેમી અને પહોળાઈ 3 સેમી છે, તો તેનું ક્ષેત્રફળ શોધો.
3. એક લંબચોરસની લંબાઈ 2મી અને પહોળાઈ 70 સેમી છે તો તેનું ક્ષેત્રફળ શોધો.
4. 8 મીટર લંબાઈની બાજુવાળા ચોરસ પ્લોટનું ક્ષેત્રફળ શોધો.

6. વિધાનોને ગાણિતિક સંકેતમાં લખો.
1. y ના 5 ગણામાં 3 ઉમેરતા.
2. y ને -8 વડે ગુણી મળતા પરિણામમાં 5 ઉમેરતા
3. a ને 5 વડે ગુણી મળતા પરિણામને 16 માંથી બાદ કરતા
4. y ને 2 વડે ગુણી તેમા 17 ઉમેરતા
5. y ના 5 ગણામાંથી 3 બાદ કરતા
6. b નો ચોથો ભાગ 9 મળે.
7. a ના 8 ગણામાં 5 ઉમેરતા 10 મળે.
8. x માંથી 7 બાદ કરી 3 વડે ગુણતા 9 મળે.

7. નીચેના ગુણોતર શોધો.
1. 81 અને 108 નો ગુણોતર.
2. 30 મીનીટ અને 45 મીનીટ ગુણોતર
3. 36 અને 45 નો ગુણોતર
4. 18 અને 36 ગુણોતર
5. 2 રૂપિયા અને 75 પૈસાનો ગુણોતર
6. 40 મીનીટ અને 2 કલાકનો ગુણોતર
7. 500 મીલી અને 2 લિટરનો ગુણોતર

8. આપેલ આકારોમાં શકય એટલી તમામ સંમિતિની રેખા દોરો.



9. આપેલ માપની ત્રિજયાના વર્તુળ દોરો.

1. 3.2 સેમી
2. 4 સેમી
3. 2.5 સેમી
4. કેન્દ્રબિંદુ 0 લઈ 2.5 સેમી અને 3 સેમી
5. કેન્દ્રબિંદુ 0 લઈ 2.5 સેમી અને 3.5 સેમી
6. 7.5 સેમી

10. દશાંશ ચિન્હનો ઉપયોગ કરી નીચે પ્રમાણે દર્શાવો.

1. 20 રૂપિયા 7 પૈસા રૂપિયામાં
2. 725 પૈસાને રૂપિયામાં
3. 15 સેમીને મીટરમાં
4. 88 મીટરને કિલોમીટરમાં
5. 2 ગ્રામને કિલોગ્રામમાં
6. 60 મિમીને સેમીમાં
7. 75 ગ્રામને કિલોગ્રામમાં
8. 6940 ગ્રામને કિલોગ્રામમાં

## Question-3

♦ સૂચના મુજબ દાખલા ગણો (ગમે તે પાંચ)

1. 5 મી જૂને શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમમાં કુલ 90 વૃક્ષો લગાવ્યા છે, ચિત્ર પરથી પ્રશ્નોના જવાબ આપો. (= 2 વૃક્ષ)

| વૃક્ષોના નામ | વૃક્ષની સંખ્યા | વૃક્ષની સંખ્યા |
|---|---|---|
| લીમડો |  | |
| વડ |  | |
| પીપળો |  | |
| આંબલી |  | |
| કરેણ |  | |

1. સૌથી વધુ રોપા શેના વાવવામાં આવ્યાં ? કેટલા ?
2. સૌથી ઓછા રોપા શેના વાવવામાં આવ્યાં ? કેટલા ?
3. વડના રોપા કેટલા રોપવામાં આવ્યા ?
4. 22 રોપા કયા વૃક્ષના રોપવામાં આવ્યા છે ?
5. લીમડાના રોપા કેટલા લગાવવામાં આવ્યા છે ?

2. જીવન વિકાસ વિદ્યાલયનું સોમવારના હાજર વિદ્યાર્થીનું ચિત્ર દર્શાવવામાં આવ્યું છે, તેના આધારે પ્રશ્નોના જવાબ લખો.

(☺= 5 વિ.ઓ)

| ધોરણ | વિદ્યાર્થીઓની હાજર સંખ્યા |
|---|---|
| 1 | ☺ ☺ ☺ ☺ ☺ ☺ |
| 2 | ☺ ☺ ☺ ☺ |
| 3 | ☺ ☺ ☺ |
| 4 | ☺ ☺ ☺ ☺ ☺ |
| 5 | ☺ ☺ |

1. સૌથી વધુ વિદ્યાર્થી કયા ધોરણમાં હાજર છે ?
2. સૌથી ઓછા વિદ્યાર્થી કયા ધોરણમાં હાજર છે ?
3. ધો. 3 માં કેટલા વિદ્યાર્થી હાજર છે ?
4. 25 વિદ્યાર્થીઓ કયા ધોરણમાં હાજર છે ?
5. ધો. 2 માં કેટલા વિદ્યાર્થીઓ હાજર છે ?

3. શ્રીજી બુક સ્ટોરના વેપારીએ એક સપ્તાહની બુક વેચાણનો ગ્રાફ બનાવ્યો છે. તેના આધારે પ્રશ્નોના જવાબ લખો.

(📖= 10 બુક)

| વાર | બુકનું વેચાણ |
|---|---|
| સોમ | 📖 📖 📖 📖 |
| મંગળ | 📖 📖 📖 📖 📖 📖 |
| બુધ | 📖 📖 📖 |
| ગુરુ | 📖 📖 📖 📖 📖 📖 📖 |
| શુક્ર | 📖 📖 📖 📖 |

1. કુલ કેટલી બુક વેચાઈ ?
2. સૌથી ઓછી બુક કયા વારે વેચાઈ ?
3. 6 બુક કયા વારે વેચાઈ ?
4. સૌથી વધુ એક કયા વારે વેચાઈ ?
5. શુક્રવારે કેટલી બુક વેચાઈ ?

4. પ્રાથમીક શાળામાં દરેક ધોરણની છોકરીઓની સંખ્યા આપેલ છે. ચિત્ર આલેખ પરથી પ્રશ્નોના જવાબ લખો.

(☺= 4 છોકરી)

| વર્ગ | છોકરીઓની સંખ્યા |
|---|---|
| 1 | ☺ ☺ ☺ ☺ ☺ ☺ |
| 2 | ☺ ☺ ☺ ☺ |
| 3 | ☺ ☺ ☺ ☺ ☺ ☺ ☺ |
| 4 | ☺ ☺ ☺ ☺ ☺ |
| 5 | ☺ ☺ ☺ |

1. કયા ધોરણમાં સૌથી ઓછી સંખ્યામાં છોકરીઓ છે ?
2. પહેલા ધોરણમાં કેટલી છોકરીઓ છે ?
3. ધોરણ ચારમાં કુલ કેટલી છોકરીઓ છે ?
4. પહેલા ધોરણ કરતા ત્રીજા ધોરણમાં કેટલી વધારે છોકરીઓ છે?
5. કયા ધોરણમાં સૌથી વધારે છોકરીઓ છે ?

♦ આપેલ અપૂર્ણાંકને દશાંશ–અપૂર્ણાંક સ્વરૂપમાં દર્શાવો.

1. $\frac{3}{2}$
2. $\frac{4}{5}$
3 $\frac{8}{5}$
4. $\frac{5}{10}$
5. $3\frac{3}{5}$
6. $4\frac{2}{10}$
7. $\frac{2}{5}$
8. $4\frac{1}{2}$

♦ ક્ષેત્રફળ શોધો.

1. 50 મીટર લંબાઈ ધરાવતા લંબચોરસ બાગનું ક્ષેત્રફળ 300 ચો.મીટર છે તો બાગની પહોળાઈ શોધો.
2. 600 મીટર લંબાઈ અને 200 મીટર પહોળાઈ ધરાવતા લંબચોરસનું ક્ષેત્રફળ કેટલું થાય ?
3. 2 મીટર લંબાઈ અને 70 સેમી પહોળાઈ ધરાવતા લંબચોરસનું ક્ષેત્રફળ કેટલું થાય ?
4. એક ચોરસની લંબાઈ 18 મીટર છે, તો તેનું ક્ષેત્રફળ કેટલું થાય ?
5. 55 મીટર લંબાઈ અને 38 મીટર પહોળાઈ ધરાવતા લંબચોરસનું ક્ષેત્રફળ કેટલું થાય ?
6. 26 સેમી લંબાઈ ધરાવતા ચોરસનું ક્ષેત્રફળ શોધો.

♦ માપપટ્ટી અને પરિકરની મદદથી નીચેના માપના ખૂણાઓ દોરો.

1. 60°  2. 90°  3. 45°
4. 30°  5. 120°  6. 135°

♦ આપેલ માહિતીના આધારે ચિત્રાલેખ તેયાર કરો.

1. પાંચ ગામના પ્રાણીઓની સંખ્યા નીચે મુજબ છે. જેના આધારે ચિત્ર આલેખ દોરો (☺=10 પ્રાણીઓ)

ગામ A : 80  ગામ D : 40
ગામ B : 120  ગામ E : 640
ગામ C : 90  ગામ F : 20

2. કનકપુર ગામમાં કુલ પશુઓની સંખ્યા આપેલ છે જેના આધારે ચિત્ર આલેખ દોરો. ( - 10 પ્રાણીઓ)

ગાય : 70  ઘેટાં : 50
ભેંસ : 120  કૂતરા : 30
બકરી : 90  બિલાડી :80

3. ધોરણ ૬ ના ૨૦૦ વિદ્યાર્થીને પસંદગીના ફુલ પૂછતા નીચે મુજબ સંખ્યા મળે જેના આધારે ચિત્ર આલેખ તૈયાર કરો. ( – 5 ફુલ)

ગુલાબ : 55  ચંપો : 30
કરેણ : 25  ગલગોટા : 50
બારમાસી : 40  જાસુદ :35

4. એક સપ્તાહમાં બલ્બનું થયેલુ વેચાણ નીચે મુજબ છે તેના આધારે ચિત્ર આલેખ દોરો. (=3 બલ્બ)

સોમવાર : 18  ગુરુવાર : 6
મંગળવાર : 9  શુક્રવાર : 12
બુધવાર : 15  શનિવાર :21

♦ ચલના સ્થાને કિંમત મુકી સમીકરણ ઉકેલાશે કે નહી તે ફકત હા/ના માં લખો.

| ક્રમ | સમીકરણ | ચલની કિંમત | ઉકેલ હા/ના |
|---|---|---|---|
| 1. | 10y=80 | y=8 | |
| 2. | p+3 =1 | p=(-1) | |
| 3. | h-8=5 | h=8 | |
| 4. | b-5=9 | b=4 | |
| 5. | 4l=20 | l=5 | |
| 6. | 8b+4=10 | b=5 | |
| 7. | y/3+5=8 | y=12 | |
| 8. | 5m+6=66 | m=12 | |
| 9. | 3n=21 | n=9 | |
| 10. | 2p-3=9 | p=6 | |
| 11. | 3n/2-5=6 | n=6 | |
| 12. | 7a+5=6 | a=1 | |

## Question-4

♦ સૂચના મૂજબ દાખલા ગણો (ગમે તે ચાર)

♦ નીચેના દાખલા ગણો.

1. સુનિતા એ તેની શાળા સુધી પહોંચવા 15 કિમી 268 મીટર બસ દ્વારા, 7 કિમી 7 મીટર કાર દ્વારા અને 500 મીટર ચાલીને મુસાફરી કરી તો તેની શાળા ઘરેથી કેટલી દૂર હશે.

2. રવિએ 5 કિગ્રા 400 ગ્રામ ચોખા, 2 કિગ્રા 20 ગ્રામ ખાંડ અને 10 કિગ્રા 850 ગ્રામ લોટ ખરીદે છે, તો રવિએ ખરીદેલી વસ્તુઓનું વજન શોધો.

3. રાજુએ 35.65 રૂપિયાનું પુસ્તક ખરીદ્યું, તેણે દુકાનદારને 50 રૂપિયા આપ્યા તો દુકાનદાર પાસેથી રાજુએ કેટલા રૂપિયા પાછા મેળવ્યા.

4. આકાશે 10 કિગ્રાની શાકભાજી ખરીદી. તેમાંથી તેણે 3 કિગ્રા 500 ગ્રામ ડુંગળી, 2 કિગ્રા, 15 ગ્રામ ટામેટા અને બાકીના બટાકા ખરીદ્યા તો ખરીદેલ બટાકાનું વજન કેટલું થશે.

5. રાની પાસે 18.50 રૂપિયા હતા તેમાથી તેણે 11.75 રૂ.ની એક આઈસક્રીમ ખરીદી તો તેની પાસે હવે કેટલા રૂપિયા રહયા.

6. મોનિકા સાઈકલ લઈને સ્કુલે જાય છે. તે સવારે 8 કિમી.350 મીટર સાઈકલ ચલાવે છે. જયારે ઘરે પછી આવવા 6 કિમી. 20 મીટર સાઈકલ ચલાલે છે, તો તેણે કુલ કેટલી સાઈકલ ચલાવી ગણાય ?

♦ આપેલ માપના આધારે સ્તંભ આલેખ દોરો.

1. એક દુકાનદારે સળંગ છ દિવસ દરમિયાન વેચેલ ગણિતની ચોપડી માહિતીના આધારે સ્તંભ–આલેખ દોરો.

| દિવસ | રવિવાર | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર |
|---|---|---|---|---|---|---|
| વેચેલ ચોપડીની સંખ્યા | 65 | 40 | 30 | 50 | 20 | 70 |

(y અક્ષ પર પ્રમાણમાપ 1 સેમી = 10 ગણિતની ચોપડી)

2. પાંચ મિત્રોની ઊંચાઈની માહિતીના આધારે સ્તંભ આલેખ દોરો.

| મિત્રોના નામ | નિંકુજ | સાગર | સિદ્ધાર્થ | પાર્થ | મનન | કરન |
|---|---|---|---|---|---|---|
| ઊંચાઈ સેમીમાં | 75 | 60 | 90 | 70 | 50 | 100 |

(y અક્ષ પર પ્રમાણમાપ 1 સેમી = 10 સેમીમાં)

3. એક વેપારીએ 1 માસમાં વેચેલા કુલ પુસ્તકોની માહિતીના આધારે સ્તંભ આલેખ દોરો.

| પુસ્તકનુ નામ | ગુજરાતી | ગણિત | વિજ્ઞાન | અંગ્રેજી | સા.વિ. | સંસ્કૃત |
|---|---|---|---|---|---|---|
| પુસ્તકની સંખ્યા | 750 | 900 | 600 | 800 | 700 | 300 |

(y અક્ષ પર પ્રમાણમાપ 1 સેમી = 50 બુક)

4. ધો – 6 ની વાર્ષિક પરીક્ષામાં ૧૦૦ ગુણમાંથી નીચે મુજબ ગુણ મેળવો.

| વિષય | ગુજરાતી | વિજ્ઞાન | ગણિત | સા.વિ. | અંગ્રેજી | હિન્દી |
|---|---|---|---|---|---|---|
| મેળલેલ ગુણ | 65 | 75 | 80 | 90 | 70 | 55 |

(y અક્ષ પર પ્રમાણમાપ 1 સેમી = 10 ગુણ)

♦ નીચેના દાખલા ગણો.

1. એક ચોરસ બાગની બાજુનું માપ 250 મીટર છે તેની ફરતે વાડ કરવાને ખર્ચ રૂ. 20 પ્રતિ મીટર પ્રમાણે કેટલો થશે ?

2. એક લંબચોરસ બાગની લંબાઈ 175 મીટર અને પહોળાઈ 125 મીટર છે તેની ફરતે વાડ કરવાનો ખર્ચ રૂ. 12 પ્રતિ મિટર પ્રમાણે કેટલો થશે?

3. એક લંબચોરસ પ્લોટની લંબાઈ 90 મીટર અને પહોળાઈ 65 મીટર છે તેની ફરતે પાઈપ નાખવાનો ખર્ચ 1 મીટર પાઈપના રૂ. 20 લેખે કેટલો થાય

4. એક ચોરસ બાગની એક બાજુનું માપ 50 મીટર છે. તેની ફરતે કરવાનો ખર્ચ રૂ. 20 પ્રતિમિટર પ્રમાણે કેટલો થશે ?

5. એક લંબચોરસ ની લંબાઈ 70 સેમી અને પહોળાઈ 36 સેમી છે તેમાં ટાઈલ્સ લગાડવાની છે. ટાઈલ્સનું માપ 12 સેમી લંબાઈ 5 સેમી પહોળાઈ છે તો કુલ કેટલી ટાઈલ્સ જોઈએ.

6. એક ચોરસ વર્ગખંડની લંબાઈ 35 મીટર છે. આ વર્ગની ચારેય બાજુએ રંગીન ટાઈલ્સ લગાવવાના ખર્ચ 1 મી = રૂ. 25 લેખે કેટલો થાય

♦ નીચેના દાખલા ગણો.

1. 7 મીટર કાપડની કિંમત રૂ. 294 તો 5 મીટર કાપડની કિંમત કેટલી હશો ?
2. રીના 3 મહીનાનું ભાડું રૂ. 7500 ચૂકવે છે. જો દર મહિને ભાડું સરખું રહેતું હોય તો આખા વર્ષ દરમિયાન તે કેટલું ભાડું ચૂકવશે ?
3. 72 ચોપડીઓનું વજન 9 કિગ્રા હોય તો તેવી 40 ચોપડીઓનું વજન કેટલું થાય ?
4. જો 13 રૂમાલનું મૂલ્ય 156 રૂપિયા હોય તો 15 રૂમાલનું મૂલ્ય શોધો ?
5. 8 લિટર દૂધના રૂ. 120 હોય તો રૂ. 270 માં કેટલા લિટર દૂધ મળે ?
6. એકતા 10 દિવસમાં રૂ. 1500 કમાય છે તો 30 દિવસમાં કેટલા રૂપિયા કમાશે ?

♦ નીચેની રચના દોરો.

1. 7.5 સેમી લંબાઈ નો રેખાખંડ દોરો અને તેનો લંબદ્વિભાજક રચો.
2. 45° ના માપનો ખૂણો દોરી તેને દુભાગો.
3. એક કાટખૂણો દોરો અને તેનો દ્વિભાજક ની રચના કરો.
4. 6.5 સેમી લંબાઈનો રેખાખંડ દોરો અને તેનો લંબદ્વિભાજક દોરો.